1. કયા સમયને 'ધાર્મિક ક્રાંતિ'નો સમય ગણવામાં આવે છે?

- મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધના સમય (ઈ. સ. પૂર્વેની છઠ્ઠી સદી)ને 'ધાર્મિક ક્રાંતિ'નો સમય ગણવામાં આવે છે.

2. સામ્રાજ્ય વિસ્તારની સ્પર્ધામાં ક્યાં કયાં રાજ્યો હતાં?

- સામ્રાજ્ય વિસ્તારની સ્પર્ધામાં આ રાજ્યો હતાં : (1) વત્સ (કૌશામ્બી), (2) અવંતિ (ઉજ્જૈન), (3) કોશલ (શ્રાવસ્તી) અને (4) મગધ (ગિરિવ્રજ).

3.સિકંદરના આક્રમણ વખતે ક્યા રાજાઓ દેશદ્રોહી નીવડ્યા?

- સિકંદરના આક્રમણ વખતે તક્ષશિલાના અભિમાર અને સરહદના રાજા શશીગુપ્ત દેશદ્રોહી નીવડ્યા.

4. સિકંદરના આક્રમણનું જમા પાસું કર્યું હતું?

- સિકંદરના આક્રમણને લીધે પૂર્વ-પશ્ચિમ વચ્ચેની અલગતાની દીવાલ તૂટી ગઈ અને બને પ્રદેશો વચ્ચે વાહન-વ્યવહાર, વેપાર, દરિયાઈ સાહસ અને અવરજવર નો માર્ગ ખુલ્લો થઈ ગયો.

5. ગ્રીક આક્રમણ ની ભારતીય ખગોળશાષ્ય પર શી અસર પડી ?

- ગ્રીક આક્રમણ ને પરિણામે ભારત મા ગ્રહો નું અને તેમની ગતિવિધિઓનું જ્ઞાન વધ્યું તેમજ અઠવાડીયા ના સાત વારો ની ગણતરીની પધ્ધતિ પણ શરૂ થઈ.